**<u>ફોજદારી કેસ નં. ૨૪૬ /૨૦૨૬, આંક–૧ લગત હુકમ</u>**

૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૫/૦૩ /૨૦૨૬ ના રોજ કલાક ૨૦/૩૦ વાગે મોજે ડાકોર નાની ભાગોળ તા.ઠાસરા જી. ખેડા મુકામે વગર પાસ પરમીટનો દારૂ પી નશાની ચકચુર હાલમતાં પોતાની લોડીંગ ટેમ્પી નં.GJ.07.AT.3220 ની ચલાવી લઈ આવી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ, **એમ.વી.એકટ.કલમ–૧૮૫** તથા પ્રોહી. એકટ કલમ**–૬૬(૧)બી** મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો ચાર્જશીટ કરેલ છે.

૨) આજરોજ ચાર્જશીટ આવતા આરોપીઓ સામે સમન્સનો હુકમ થતાં આરોપીઓ જાતે કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય જેથી, આજ રોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમા આરોપીએ ગુન્હાની સ્વૈચ્છાપુર્વક કબુલાત કરેલ છે.

૩) તે ઉપરાંત આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.આરોપીને તેઓની વિરુઘ્ધના ગુન્હાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી/આરોપીઓ ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હાની કબુલાત પુરસીસ રેકર્ડ લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદૃે આરોપીને સાંભળ્યા. આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેના કુટુંબની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આમ, આરોપીની મારી સમક્ષની સ્વેચ્છા પુર્વકની કબુલાતને આધારે, આરોપીની રજુઆત તથા કેસના સંજોગો અને ગુન્હાની ગંભીરતા તથા આરોપીના પ્રથમ ગુનાની હકીકત ઘ્યાને રાખી ન્યાયના હિતમાં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) સદર કામના આરોપી વિજયભાઈ પુનમભાઈ તળપદાને **એમ.વી.એકટ કલમ -૧૮૫** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/-(અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ તેમજ પ્રોહીબીશન એકટ **કલમ -૬૬(૧)બી** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/-(અંકે રૂપીયા એક સૌ પુરા) નો દંડ કરવામા આવે છે આમ,**કુલ રૂા.૧૧૦૦/- (અંકે રૂપીયા એક હજાર એકસૌ પુરા)** નો દંડ કરવામા આવે છે અને જો દંડ ન ભરે તો તેને **દિન -૧૦** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન લોડીંગ ટેમ્પી નં GJ.07.AT.3220 નો જો વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમી કરવામા આવે છે તેમજ જો કોઈ હુકમ કરવામા આવેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સીંટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ડાકોર.

**( નરેન્દ્ર કુમાર જોષી )**
જ્યુ.મેજી.ફ.ક., ડાકોર.
જીજે૦૧૪૫૪